# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિતલ પટેલ વાંચે છે.

---

- રાજય આગામી લોકસભાની ચૂંટણીનો પ્રચાર વેગવાન બન્યો. – કેન્દ્રિય અને સ્થાનિક નેતાઓ પોતાના પક્ષના ઉમેદવારોને જીતાડવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.
- કોંગ્રેસના રાહુલ ગાંધી આજે પાટણમાં જાહેરસભા સંબોધશે – ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથસિંહે ગઇકાલે આણંદ અને ભાવનગરમાં ચૂંટણી સભા સંબોધી
- લોકસભા ચૂંટણી 2024ના છઠ્ઠા તબક્કા માટેનું જાહેરનામું બહાર પડતાની સાથે જ આજથી ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે.
- ભારતીય તટરક્ષક દળે ગઈકાલે પોરબંદર દરિયાકાંઠે પાકિસ્તાની બોટમાંથી 600 કરોડ કિંમતનું 86 કિલો ડ્રગ્સ જપ્ત કર્યું - 14 લોકોની ધરપકડ કરી છે.
- દુબઈ ખાતે રમાઇ રહેલી જુનિયર એશિયન એથ્લેટિક ચેમ્પિયનશીપમાં રાજયનાં રણવીરસિંહે ટ્રિપલ ચેસમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PRACHAR

લોકસભાની 7મી મે એ યોજાનારી ચૂંટણીનો પ્રચાર રાજયમાં વેગવાન બન્યો છે. રાજયમાં કેન્દ્રિય અને સ્થાનિક નેતાઓ રેલી, જાહેરસભાઓ યોજી પોતાના પક્ષની ઉમેદવારોને જીતાડવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે પાટણનાં પ્રગતિ મેદાન ખાતે જાહેર સભાને સંબોધશે. ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી મુકુલ વાસનીક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના વરિષ્ઠ આગેવાનો અને લોકસભાના ઉમેદવારો આ સમયે ઉપસ્થિત રહેશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે આણંદ જીલ્લામાં ગઇકાલે એક ચૂંટણી રેલીને સંબોધી હતી.બાદમાં તેમણે ભાવનગર ખાતે જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આક્ષેપો કર્યા હતા કે, કોંગ્રેસની સરકારે ગરીબી દૂર કરવાના વચનો આપ્યા પણ ગરીબી દૂર ન થઇ. પરંતુ મોદીજીએ દેશમાંથી 25 કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું કામ કર્યું છે.

ગઇકાલે અમદાવાદ ખાતે એક પત્રકાર પરિષદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સંઘવીએ, ભાજપ પર નાણાં, મશીનરી અને મેન પાવરનો દુરઉપયોગ કરવાનો આરોપ લગાવતાં, સુરત લોકસભા બેઠક પર ભાજપની જીતને લોકતાંત્રિક સિદ્ધાંતોનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.

ગઇકાલે કોંગ્રેસના રાહુલ ગાંધીએ મોટી દમણમાં ચૂંટણી રેલીને સંબોધી હતી દીવ લોકસભા બેઠકના ઉમેદવાર કેતન પટેલના સમર્થનમાં પ્રચાર કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, જો કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો મહિલાઓના ખાતામાં દર વર્ષે એક લાખ રૂપિયા જમા કરાવવામાં આવશે. ખેડૂતોની લોન માફ કરવામાં આવશે. ખેડૂતોને તેમના અનાજના યોગ્ય ભાવ મળે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે. માછીમારોને ડીઝલ પર સબસીડી આપવામાં આવશે.

---------------------------------------------------------------------

-અપર્ણા ખૂંટ, મિતલ -(નવીન)

# LS-POLL-6TH-PHASE-NOTIFICATION

લોકસભા ચૂંટણી 2024ના છઠ્ઠા તબક્કા માટેનું જાહેરનામું બહાર પડતાની સાથે જ આજથી ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે. આ તબક્કામાં છ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. છઠ્ઠા તબક્કામાં દિલ્હીની તમામ સાત બેઠકો, હરિયાણાની તમામ દસ બેઠકો, ઉત્તરપ્રદેશની 14 બેઠકો, બિહાર અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ બેઠકો, ઓડિશાની છ બેઠકો અને ઝારખંડની ચાર બેઠકો પર મતદાન થશે.

ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ 6 મે છે. ઉમેદવારીપત્રોની ચકાસણી 7મી મેના રોજ થશે અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 9મી મે છે. 25મી મેના રોજ મતદાન થશે. 4 જૂને મતગણતરી થશે.

---------------------------------------------------------------------

-પુલ, જયેશ વેગડા -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલને ફોલો કરી શકો છો, અને અમારી Yotube ચેનલ પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

.......................................

DESK

# PORBANDAR- DRUGS

એક સંયુક્ત ઓપરેશનમાં ભારતીય તટરક્ષક દળે ગઈકાલે પોરબંદર દરિયાકાંઠે પાકિસ્તાની બોટમાંથી 600 કરોડ રૂપિયાની કિંમતનું 86 કિલો ડ્રગ્સ જપ્ત કર્યું છે અને જહાજમાં સવાર 14 લોકોની ધરપકડ કરી છે.

અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો અને આતંકવાદી વિરોધી દળે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું, , જેમાં પાકિસ્તાની બોટમાંથી 14 ક્રુ મેમ્બર સાથે 600 કરોડ રૂપિયાની કિંમતનો અંદાજીત 86 કિલોનો નશીલા પદાર્થોનો જથ્થો પકડવામાં આવ્યો હતો. આ ઓપરેશનમાં સુરક્ષા એજન્સીઓએ ભારતીય તટરક્ષક દળના વિવિધ જહાજો અને એર ક્રાફ્ટનો ઉપયોગ કરીને શંકાસ્પદ બોટની ઓળખ કરી હતી. પાકિસ્તાની બોટમાંથી પકડાયેલા નશીલા પદાર્થોના જથ્થા સાથે 14 પાકિસ્તાની ક્રુ મેમ્બરને વધુ તપાસ માટે પોરબંદર લાવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ મહિનામાં ભારતીય તટરક્ષક દળ અને આતંકવાદી વિરોધી દળના સંયુક્ત ઓપરેશનથી 11 જેટલા સફળ ઓપરેશન કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------

-અપર્ણા ખૂંટ, રિદ્ધિ -(નવીન)

# VALSAD- TRIPAL CHESS GOLD

દુબઈ ખાતે જુનિયર એશિયન એથ્લેટિક ચેમ્પિયનશીપમાં રાજયનાં યુવકે સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે.

વલસાડના વાપીના યુવક રણવીરસિંહે ટ્રીપલ ચેસમાં 9.22 મિનિટમાં 3 કિલોમીટર દોડ પુરી કરી એશિયન એથ્લેટિક ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

દુબઇ ખાતે 20 વર્ષથી નાની વય જૂથમાં જુનિયર એથ્લેટિક ચેમ્પિયનશીપ ચાલી રહી છે. જેમાં અનેક દેશોના ખેલાડીઓએ ભાગ લઇ રહ્યા છે.

---------------------------------------------------------------------

-પીટીસી, વલસાડ, મિતલ -(નવીન)

# Know Your Polling Station-1

રાજ્યના તમામ મતદાન મથકો પર ગઈકાલે બુથ લેવલ અધિકારી દ્વારા મતદારોને મળતી સુવિધાઓ અને વ્યવસ્થાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં તમારા મતદાન મથકને જાણો (Know Your Polling Station) અભિયાન યોજાયું હતું.

કચ્છ જિલ્લાના તમામ તાલુકામાં જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ **તમારા મતદાન મથકને જાણો** કાર્યક્રમ જિલ્લાના તમામ બુથ ઉપર યોજવામાં આવ્યો હતો. ૬૨૪ બૂથ ઉપર ચુનાવ પાઠશાળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

**રાજકોટમાં તમારા મતદાન મથકને જાણોની પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલના માધ્યમથી મતદાતાઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે મતદાન પહેલા નિયત દિવસે પોલિંગ સ્ટેશનની મુલાકાત લઇ માહિતી મેળવી શકે તેવું આયોજન  કરવામાં આવ્યું હતું.**

ગીર સોમનાથ જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીમાં નવા મતદારો, યુવાઓ, વૃદ્ધો, મહિલાઓ સહિત દરેક વયના લોકો વધુમાં વધુ મતદાન કરે તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે કાર્યોક્રમો યોજાઈ રહ્યા છે.

મોરબી જિલ્લામાં ૮૮૯ મતદાન મથકો પર **તમારા મતદાન મથકને જાણોનું આયોજન કરવામાં આવ્યું હતું.** મોરબી મતવિસ્તાર હેઠળના ત્રાજપર, ટંકારા, ઘુંટુ મતદાન મથકની જિલ્લા ચૂંટણી અધિકારી કે. બી. ઝવેરીએ મુલાકાત લીધી હતી.

# Know Your Polling Station-2

જૂનાગઢ **તમારા મતદાન મથકને જાણો** અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં ૧ હજાર ૩૩૫ મતદાન મથકો પર મતદારોને મૂંઝવતી બાબતે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં ૩૧ હજારથી વધુ મતદારો સહભાગી બન્યા હતા. ઉપરાંત ચુનાવ કી પાઠશાળા માધ્યમથી મતદાન જાગૃતિ કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

-પીટીસી, કચ્છ, રાજકોટ, ગીર સોમનાથ, મોરબી, જૂનાગઢ, માહિતી, રિદ્ધિ -(નવીન)

# AHMEDABAD DRON SHOW

અમદાવાદમાં ૧૦૦ ડ્રોન દ્વારા મતદાન જાગૃતિનો મેસેજ અપાયો હતો.. ગાંધીનગર મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી, અમદાવાદ જિલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ રેડ એફ.એમના સંયુક્ત ઉપક્રમે આ ડ્રોન શો યોજાયો હતો.. રિવરફ્રન્ટ પર ઇવેન્ટ સેન્ટર ગ્રાઉન્ડ ખાતે ડ્રોન શોની સાથે મ્યુઝિકલ ઇવેન્ટ પણ યોજાઇ હતી. આ ઉપરાંત અમદાવાદ એવેંજર્સ ફૂટબોલની ટીમના ખેલાડીઓ દ્વારા લોકોને અચૂક મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

યાદી-હર્ષલ પંડ્યા-યશ્રી

# Bharuch -scholarship

ભરૂચ જિલ્લામાં ધોરણ- 6 અને 9 ના 6 હજાર 646 વિદ્યાર્થીઓએ ગઈકાલે શિષ્યવૃતિ પરીક્ષા આપી હતી..

ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહિદ મશદી જણાવે છે કે , જિલ્લામાં કુલ 9 તાલુકાના 37 કેન્દ્રો પર 618 બ્લોક પર વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ભાષા સામાન્ય જ્ઞાનનું 100 ગુણનું 90 મિનિટનું તેમજ ગણિત વિજ્ઞાનનું પણ 100 ગુણનું 90 મિનિટનું પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. આ પરીક્ષામાં પાસ કરી મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને મહિને 1 હજાર લેખે 10 મહિનાના કુલ રૂ.10 હજાર શિષ્યવૃતિ પેટે ચૂકવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય શિક્ષણ કચેરી ગાંધીનગર દ્વારા દરેક જિલ્લામાં શિષ્યવૃત્તિ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

---

-પીટીસી, ભરૂચ, મિતલ -(નવીન)

# GUJ. PRACHAR

ગાંધીનગરના ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતીમાં સહકાર સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કારણે દેશની આર્થિક તાકાત વધી અને અર્થતંત્ર 11 મા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચ્યું છે.

આ પ્રસંગે ભાજપના પ્રદેશ પ્રમુખે સી.આર.પાટીલે કહ્યું કે, દક્ષિણ ગુજરાતમાં શેરડી પકવતાં ખેડૂતોને વધુમાં વધુ ટેકાના ભાવ આપીને ફાયદો કરાવવામાં આવ્યો છે..

આ અગાઉ, મોડાસામાં શ્રી પાટીલે સંવાદ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું..

ઇડરમાં ભારતીય જનતા પાર્ટી અને ઇડર વિધાનસભા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા મહાસંમેલન યોજાયું હતું.. આ સંમેલનમાં મોદી સરકાર દ્વારા અનુસચિત જાતિના કલ્યાણ માટે કરવામાં આવેલી કામગીરીને બિરદાવી હતી.

ભાવનગર લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાએ ભાવનગરના હલુરીયા ચોકથી લોકસંપર્ક શરૂ કર્યો હતો. આ રેલીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના આગેવાનો- કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

---

-રીપીટ